## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



દંડ નહીં ભરૂ સાહેબ... હું તો કોઇ ન હોય તેવી ખાતરી કરી ખાનગી જગ્યાએ જ બેઠો હતો... આ તો તમે આવી ગયા એટલે જાહેર થઇ ગયું...!!

# કંટ્રોલ રૂમમાં ફરજ પરથી ગુટલી મારનાર બે કર્મચારીઓને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના ડિઝાસ્ટર કંટ્રોલરૂમની બે મુલાકાતોમાં જ બે કર્મચારીઓની ગેરહાજરીની ગંભીર નોંધ લઈ તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવતાં જિલ્લા વહીવટીતંત્રમાં સોંપો પડી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૭મી જુન અને ૧૧મી જુન દરમ્યાન કરાયેલ અચાનક ચેકિંગમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના એક તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એક અધિકારી તેમની કંટ્રોલરૂમની ફરજ પર હાજર ન હોવાનું જણાતાં તેમને નોટીસ ફટકારવામાં આવી છે.

કર્મચારી સેવા શિસ્ત નિયમો તેમજ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ ૨૦૦૩ની કલમ ૨૩ મુજબ તમારી સામે કેમ કાર્યવાહી ના કરવી તેવી કારણદર્શક નોટીસ પાઠવી દિન બે માં ખુલાસો કરવા જણાવતા કર્મચારીઓમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

જિલ્લા તંત્ર દ્વારા ૧લી જુનથી ચોમાસા માટેનો કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત અહિ આપત્તિ વ્યવસ્થાપન માટે પણ ૨૪x૭ કંટ્રોલરૂમ કાર્યરત રહેતો હોય છે. જિલ્લાતંત્ર દ્વારા કંટ્રોલરૂમ પર કર્મચારીઓને ફરજ સોંપણીના હુકમો પણ કરી તેમને બજવણી કરવામાં આવતી હોય છે.

# સેક્ટર-૨૧ અને ૩૦માંથી ડેન્ગ્યુના મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના હૃદયસમા ગણાતા સે. ૨૧ અને ૩૦માંથી આજે શહેરી મેલેરિયા ટીમ દ્વારા હાથ ધરાયેલ સર્વેલન્સમાં ૨૫ જગ્યાએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમે ૨૦૨૩ મકાનોની મુલાકાત લઈ ૪૦૫૩ જેટલા પાત્રોની ચકાસણી કરી હતી. જે પૈકી ૨૫ જગ્યાએથી પોરા મળી આવ્યા હતા. પ્રિ.મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે હાથ ધરાયેલ સર્વેલન્સમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ જગ્યાએ આ ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવ્યા છે. તંત્રની ટીમે ત્યાં તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

સે. ૩૦ આમેય ડેન્ગ્યુ માટે સંવેદનશીલ ગણવામાં આવે છે. સે. ૨૧માં શહેરનું મોટુ માર્કેટ પણ છે. તંત્રએ સે. ૨૧માં આજે પોરાનું નિદર્શન કરતુ પ્રદર્શન પણ લગાવ્યુ હતુ.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં વિવિધ સહકારી સંસ્થાઓમાં સહકારી વર્ષ સંપન્ન થતાં ચૂંટણી માટેની કવાયતો હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયા આજે રજા પરથી પરત ફર્યા છે.
- સચિવાલય સહકારી ઉપાહાર ગૃહના સભ્યોને ૨૦૧૫-૧૬ના વર્ષના ડિવિડન્ડનું વિતરણ ૧૫-૬-૨૦૧૬થી શરૂ થશે.
- ગાંધીનગરમાં આજે સાંજે સચિવાલય છુટતા સમયે વરસાદના હળવા છાંટા સાથે મોરના ટહુકા સાંભળી કર્મચારીઓ આનંદવિભોર થઈ ગયા હતા અને સારૂ ચોમાસુ રહેશે તેવી વાતો કરતા સાંભળવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરના જાણીતા યુવા અગ્રણી શ્રી કિન્નર ઝવેરીના પિતાશ્રી સિદ્ધાર્થ ઝવેરીનું દુઃખદ અવસાન થયુ છે. શ્રી સિદ્ધાર્થ ઝવેરીએ વર્ષો સુધી ગુજરાત વેપારી મહામંડળમાં સભ્ય તરીકે ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ગાંધીનગર શહેરમાં નીલગાય હવે 'ચ' રોડ પરના સેક્ટરોના વસાહતીઓ માટે શિરદર્દ બની જવા પામી છે.





ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના સફળ સૂકાનને તારીખઃ-૧૨/૦૬/૨૦૧૬ના રોજ એક વર્ષ પૂર્ણ થતાં આજે સેક્ટર-૧૨,ગાંધીનગર ખાતે યોજાયેલા આ અભિવાદન કાર્યક્રમની શરૂઆત વંદેમાતરમ ગીત ગઈ કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર સૌ આગેવાનોના હસ્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવેલી ધોરણ-૧૨ પછી શું ?ની કારકિદી માર્ગદર્શન આપતી સી.ડી.નું વિમોચન કરવામાં આવ્યું. હાજર સૌ આગેવાનો કાર્યકરોએ સફળ સુકાનનું એક વર્ષ પૂર્ણ કરનાર જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ નવનિયુક્ત પ્રદેશ નિરિક્ષકશ્રી બલવંતસિંહ રાજપૂત અને શ્રી રમેશભાઈ દેશાઈનું પુષ્પ હારથી સ્વાગત અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા, તાલુકા અને નગરપાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓ-સદસ્યશ્રીઓ તેમજ ઉપસ્થિત સૌ આગેવાનો-કાર્યકરોને હાજર સૌ નેતૃત્વએ પ્રજા વચ્ચે જઈ તેમજ પ્રજાકીય કાર્યો કરી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જીતવા માટે હાકલ કરી હતી. અંતે રાષ્ટ્રગીત ગઈને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

# શહેરની મહેક અને પ્રાચી બેસ્ટ નેચર ઈન ઈન્સ્પાયર્ડ કલેકશનમાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની બે દિકરીએ મહેક દેસાઈઅને પ્રાચી મેહતાને ભંવર રાઠોડ ડિઝાઈન સ્ટુડિયો દ્વારા અમદાવાદની વાયએમસીએ કલબ ખાતે આયોજિત વાર્ષિક ફેશન શૉમાં બેસ્ટ નેચર ઈન્સ્પાયર્ડ કલેકશન કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. આ ફેશન શૉમાં તેમણે 'એકવેટિક રોમાન્સ' થીમ આધારિત વસ્ત્રોની ડિઝાઈન રજૂ કરી હતી જે પ્રથમ સ્થાને વિજેતા બનતા સમગ્ર ગાંધીનગર શહેર માટે ગૌરવપ્રદ બીના ઘટી છે.



આ ફેશન શૉમાં સેપ્ટના પ્રાધ્યાપક પંકજ પટેલ, એનઆઈડીના પ્રાધ્યાપક પરેશ ચેટર્જી ઉપરાંત પ્રાધ્યાપક રાજીવ સેન ગુપ્તા, ભંવર રાઠોડ તથા પોલીસ અધિકારી ઉષા રાડાએ જજ તરીકેની સેવાઓ આપી હતી. ભંવર રાઠોડ ડિઝાઈન સ્ટુડિયો દ્વારા આયોજિત આ એન્યુઅલ ફેશન શૉમાં સુવિખ્યાત ટોપ મોડેલ્સ કેન્ડિસ પિન્ટો, નેહા આહુજા, સુચેતા શર્મા અને દિપ્તી ગુજરાલે ભંવર રાઠોડ ડિઝાઈન સ્ટુડિયોના ડિઝાઈનર્સે તૈયાર કરેલ વસ્ત્રોનું પ્રદર્શન રજૂ કરવા રેમ્પ વોક કર્યું હતું. આ ફેશન શૉમાં બેસ્ટ હિસ્ટોરિકલ કલેકશન, બેસ્ટ ટ્રેડિશનલ કલેકશન, બેસ્ટ વેરેબલ કલેકશન, બેસ્ટ ઈનોવેટિવ કલેકશન તથા બેસ્ટ નેચર ઈન્સ્પાયર્ડ કલેકશન જેવી વિવિધ કેટેગરી અંતર્ગત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની બે દિકરીઓ મહેક સુધિર દેસાઈ અને પ્રાચી હેમંત મહેતાએ સંયુકતપણે ડિઝાઈન કરેલા વસ્ત્રોએ નેચર ઈન્સ્પાયર્ડ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



અત્રે ઉલ્લેખનીય છે કે મહેક સુધિર દેસાઈએ ગાંધીનગરના નિવૃત્ત બેંક અધિકારી, સુધિર દેસાઈના સુપુત્રી છે. સુધિર દેસાઈ હાલ ગાંધીનગર શહેર વસાહત મહામંડળમાં મંત્રી પદે તથા છેલ્લા સાત વર્ષથી વડનગરા નાગર મંડળના પ્રમુખપદે સેવાઓ આપી રહ્યા છે. તેઓ એક પેરાલીગલ વોલિયેન્ટર હોવાની સાથે સાથે ગાંધીનગર ડિસ્ટ્રીકટ સેશન્સ એન્ડ ફેમિલી કોર્ટમાં કાયમી સમાધાન પંચમાં સભ્ય છે અને તેમાં મિડીયેટરની ભૂમિકા પણ ભજવી રહ્યા છે. મહેકના માતૃશ્રી હિના દેસાઈ પણ વર્ગ-૧ના નિવૃત્ત સરકારી અધિકારી છે. પ્રાચી હેમંત મેહતાએ શહેરના પાર્શ્વ જનરલ સ્ટોર્સ તથા રવિ પ્રકાશનથી જાણીતા સ્ટેશનરીના અગ્રણી વેપારીની દિકરી છે તથા ગર્વમેન્ટ કોન્ટ્રાકટર પણ છે. આમ ગાંધીનગરની બંને દિકરીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી સમગ્ર શહેરનું નામ રોશન કર્યું છે.

# પોલીસ ભવનમાં ફરજ બજાવતા પીએસઆઈનું મોરબી પાસે માર્ગ અકસ્માતમાં મોત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પોલીસભવનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. કમલેશ પરમારની કારનો મોરબી પાસે ટ્રેલર સાથે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમા પીએસઆઈ કમલેશ પરમાર અને તેમના દોઢ વર્ષના બાળકનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે પત્ની અને અન્ય એક બાળકને ગંભીર લોહીયાળ ઈજાઓ થતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની ઘટનાને લઈ પોલીસભવન અને પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી.

**આ ગમખ્વાર અકસ્માતમાં પીએસઆઈ સહિત તેમનો દોઢ વર્ષનો પુત્ર પણ કાળનો કોળીયો બની ગયા હતા : પીએસઆઈના પત્ની અને આઠ વર્ષના અન્ય એક પુત્રને ગંભીર ઈજાઓ થતા રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા હતા**

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ સૌરાષ્ટ્રના વતની કમલેશ પરમાર ગાંધીનગર પોલીસભવનમાં ડેપ્યુટેશન પર પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. પીએસઆઈ કમલેશ પરમાર આજે પોતાની પત્ની અને બે બાળકો સાથે કાર નં. જીજે-૧૧-એએસ-૭૬ ૩૯માં સવાર થી ગાંધીનગરથી મોરબી જવા રવાના થયા હતા. વહેલી સવારે ૧૦ વાગ્યાના સમેય કાર મોરબી હાઈવે પર પહોંચી હતી.

જ્યાં માર્ગ પર પસાર થતા હેવી ટ્રેલર અને પીએસઆઈની કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આથી પીએસઆઈની કારના આગળના ભાગના કુરચે કુરચા ઉડી ગયા હતા. આ લોહીયાળ અકસ્માતમાં પીએસઆઈ કમલેશ પરમાર સહિત તેમના દોઢ વર્ષના પુત્રનુ કરૂણ મૃત્યુ થવા પામ્યુ હતુ જ્યારે તેમની પત્ની અને આઠ વર્ષના અન્ય એક પુત્રને શરીરે ગંભીર ઈજાઓ થતા બન્ને ઈજાગ્રસ્તોને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જવાનજોધ પીએસઆઈ અને તેમના દોઢ વર્ષના પુત્રનું અકાળે મૃત્યુ થતા પરિવારજનો અને પોલીસ તંત્રમાં ઘેરા શોકની કાલીમાં છવાઈ જવા પામી હતી.

# ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રમતવીરોને બે ટકા અનામત

રાજ્ય સરકાર દ્વારા રમત અને રમતવીરોને પ્રોત્સાહન આપવાના હેતુથી ખેલકૂદ નીતિ-૨૦૧૬ અમલી બનાવી છે, જેના ભાગરૂપ ઉચ્ચ અભ્યાસક્રમોમાં કાર્યક્ષમ રમતવીરોને પ્રવેશ માટે ૨ ટકા અનામતની જોગવાઇ કરવામાં આવી છે. આ નીતિનો અમલ ચાલુ નાણાકીય વર્ષથી કરવામાં આવશે.

રાજ્યના કાર્યક્ષમ રમતવીરો કે જેઓ આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય ચેમ્પીયનશીપમાં વિજેતા થયા હોય અથવા આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લીધેલો હોય અથવા છેલ્લા બે ખેલમહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ મેળવેલ હોય તેવા ખેલાડીઓની રમત અંગેની ગુણવત્તાને ધ્યાને લઈ મેડીકલ અથવા એન્જિનીયરીંગ કોલેજમાં પ્રવેશ માટે મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે. જયારે મેડીકલ અથવા એન્જિનીયરીંગ સિવાયના કોર્સિસના પ્રવેશ માટે આંતરરાષ્ટ્રીય અથવા રાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં વિજેતા થયેલ હોય અથવા આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લીધેલ હોય અથવા છેલ્લા બે વર્ષના ખેલમહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ મેળવેલ હોય તેવા ખેલાડીઓની રમત અંગેની ગુણવત્તાને ધ્યાને લઈ મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે.

અનામત માટે કઈ કઈ રમતોનો સમાવેશ કરાયો છે તેની યાદી તેમજ ઓલિમપિક્સમાં રમાતી ૨૪ રમતો ઉપરાંત કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ તથા ચેસ મળી કુલ ૨૮ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉચ્ચતર અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે જે તે ખેલાડીએ www.sportsauthorityofgujarat.in ની વેબસાઈટ ઉપર ઓન લાઈન ફોર્મ ભરવાનું રહેશે. આ ઓન લાઈન ફોર્મની નકલ જરૂરી પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ સામે નિયમોનુસારની કાર્યવાહી કરી સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, બ્લોક નં-૧૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તા. ૨૧-૦૬-૨૦૧૬ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાનું રહેશે.

# પેથાપુર સ્થિત ઓલ ઈન્ડિયા શ્રીમાળી બ્રાહ્મણ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ શાંતિનિકેતન ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના પેથાપુર-શાંતિનિકેતન હોસ્ટેલ ખાતે ઓલ ઈન્ડીયા શ્રીમાળી બ્રાહ્મણ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે એક પર્યાવરણ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નવમા એડી. સિવિલ જજ એન. એન. રાવલ ઉપસ્થિત રહ્યા હતા અને પર્યાવરણ સુરક્ષા અને કાયદાની જોગવાઈઓ, પર્યાવરણની જાળવણી અને ઉપાયો સહિત પર્યાવરણ અંગે દૃષ્ટાંત મનનીય વક્તવ્ય આપ્યું હતું. પી.એલ.વી. સુધીર દેસાઈએ પર્યાવરણ કાયદો-૧૯૮૬ અને ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ ૨૦૧૦ વિશે માહિતી આપી હતી. સીતારામભાઈ પટેલે ધર્મ અને પર્યાવરણની વાત કરી હતી. જ્યારે વિમળાબેન અયાસીએ સૌ મહાનુભાવોનું સ્વાગત પ્રવચન સાથે ડી.એલ. પટેલ એસ.એ. વિશે માહિતી આપી સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું. આ શિબિરમાં ૧૭૦થી વધુ જી.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષા માટે તૈયારી કરી રહેલા તાલીમાર્થી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટી કમલેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, પી.એલ.વી. નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર, જયરામભાઈ સોની તથા નામદેવીબેન ઉપાધ્યાય પણ હાજર રહ્યા હતા.




## રક્ષા શક્તિ યુનિવર્સિટી

First Internal Security/Police University of India
(Established by Government of Gujarat & UGC Recognised)

### પ્રવેશ જાહેરાત ૨૦૧૬-૧૭

| અભ્યાસક્રમનું નામ | સમયગાળો | વાર્ષિક ફી (રૂ.) | આવશ્યક લાયકાત | બેઠક સંખ્યા |
|---|---|---|---|---|
| ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ | ૮૦ |
| બેચલર ઓફ આર્ટસ ઈન સીક્યુરીટી મેનેજમેન્ટ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ) | ૩ વર્ષ (૬ સેમેસ્ટર) | ૧૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ | ૪૦ (ગુજરાતી) ૪૦ (અંગ્રેજી) |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૪૦ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સિકયુરિટી (અંગ્રેજી માધ્યમ) | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૦ |
| એમ. એ. ઈન ક્રિમિનોલોજી (અંગ્રેજી માધ્યમ) | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |
| એમ. એ. ઈન પોલિસ એડમિનિસ્ટ્રેશન (અંગ્રેજી માધ્યમ) | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |
| એમ. ટેક. ઈન સાયબર સિક્યુરીટી (અંગ્રેજી માધ્યમ) | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ૫૦૦૦૦ | 55% marks/5.5 on a 10 point scale and B.E./B.Tech. (CE / CS / IT / EC / ICT / Electronics), M.Sc. (CS/IT) or MCA | ૪૦ |
| એલ.એલ.એમ ઈન ક્રાઈમ એન્ડ સિક્યુરિટી લૉ (અંગ્રેજી માધ્યમ) | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ૪૦૦૦૦ | કાયદાના સ્નાતક | ૪૦ |
| એમ. ફીલ. ઈન ક્રિમિનોલોજી | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ૧૬૦૦૦ | સંબંધિત પ્રવાહમાં અનુસ્નાતક | ૧૦ |
| પી.એચ.ડી. | માહિતી માટે વેબસાઈટ જોવી | | | ૧૨ |
| સર્ટિફિકેટ કોર્સ ઈન ફોટોગ્રાફી | ૩ મહિના | ૨૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ૧૨ પાસ | ૨૦ |

Ph.D. સિવાયના અભ્યાસક્રમોમાં મહિલાઓ માટે ફી માં ૫૦% રાહત

**પ્રવેશ ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ : 30/06/2016**

**પ્રવેશ ફોર્મ ભરવાના તેમજ મેળવવાના ઉપલબ્ધ વિકલ્પો :-**

(૧) રક્ષા શકિત યુનિવર્સિટીની વેબસાઈટ www.rsu.ac.in પરથી પ્રવેશ માટે ફોર્મ ઓનલાઈન ભરી શકાશે.
(૨) જે વિદ્યાર્થી નિયત અરજી ફોર્મ ફી સાથે ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તેઓએ અરજીની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં મોકલવાની રહેશે નહી.
ઉપરોકત સિવાય,
(૧) રક્ષા શક્તિ યુનિવર્સિટી કચેરી, અમદાવાદ ખાતેથી પણ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન નિયત ફોર્મ ફી રોકડમાં ચુકવવાથી પ્રવેશ ફોર્મ મેળવી શકાશે.
(૨) રક્ષા શક્તિ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરીને ભરી શકાશે. આ કિસ્સામાં ભરેલા અરજી ફોર્મ સાથે નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, અમદાવાદ ના નામનો) અત્રે મોકલવા.
(૩) ટપાલથી ફોર્મ મેળવવા નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી ના નામનો અમદાવાદ માટેનો) તેમજ ૧૧ X ૫ નું પોતાના નામ, સરનામા વાળું રૂ. ૫/-ની પોસ્ટેજ સ્ટેમ્પવાળું ખાલી કવર અત્રે મોકલવાથી તે ઉમેદવારને અત્રેથી પ્રવેશ ફોર્મ મોકલવામાં આવશે. કવર ઉપર ---------------- કોર્સ માટે ફોર્મ મેળવવાની અરજી એવું સ્પષ્ટ લખવું.
(૪) અરજી ફોર્મના કવર ઉપર કોર્સનું નામ અવશ્ય દર્શાવવું.

**પ્રવેશ પ્રક્રિયા :-**
પ્રવેશ મેરિટના ધોરણે આપવામાં આવશે, મહિલા ઉમેદવાર, એનસીસી (બી અને સી સર્ટિફિકેટ ધારકો) તેમજ રમતવીર ઉમેદવારોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. ગુજરાત સરકારના નિયમોનુસાર અનામત બેઠકો રાખવામાં આવશે.

**સુવિધાઓ :-**
(૧) એસ.સી./એસ.ટી. વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી નિયમાનુસાર શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર છે. (૨) ગાંધીનગરના રમણીય વિસ્તારમાં વ્યાજબી ફી થી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે સ્વતંત્ર હોસ્ટેલ સુવિધા તેમજ ટ્રાન્સપોર્ટેશન સુવિધા (૩) કોમ્પ્યુટર લેબોરેટરી તેમજ આધુનિક લાયબ્રેરી (૪) વાયરલેસ સેટ, સીસીટીવી, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર જેવા ઈલેક્ટ્રોનિક સાધનોનો પ્રાયોગિક અભ્યાસ કરાવવામાં આવે છે. (૫) આઉટડોર ટ્રેનિંગ અભ્યાસક્રમના ભાગરૂપે સામેલ છે. (૬) સરકારશ્રી દ્વારા પોલીસ ભરતીમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અગ્રતા આપવામાં આવે છે.

વધુ વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ **www.rsu.ac.in** જોવી.

Raksha Shakti University
New Mental Corner, Meghaninagar,
Ahmedabad - 380 016, Gujarat, INDIA

Contact for Information
Tel: (079) 22684222 Cell: +91-9978446912
Fax : 079-22683762
E-mail: academicbr@rsu.ac.in